જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૬/૨૦૧૮ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૭૦/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૯૦ લીટર દેશી દારૂ, ૧૮૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૯૯ બીયરટીન, ૦૧ કાર અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૭,૯૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૭૧/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૬૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૧૦૭૨/૧૮

**અમરાઇવાડી** : પરેશભાઇ કિરિટભાઇ પરમાર (રહે,ઇસ્માઇલની ચાલી સંતોષીનગર અમરાઇવાડી) એ તા.૦૬/૬/૧૮ ના રોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આજ થી આઠ વર્ષ અગાઉ એપ્રિલ/૨૦૧૦ થી તા.૧૧/૧૨/૨૦૧૩ સુધીમાં અલગ-અલગ સમયે આરોપી (૧) ત્રિભોવનભાઇ રત્નાભાઇ સોલંકી (૨)વિમલ ત્રિભોવનભાઇ સોલંકી (બંને રહે,ગાંધીપાર્ક સોસાયટી સોમનાથ રોડ મહેસાણા) અને (૩) આશિષ જસવંતભાઇ પરમાર (રહે, ભક્તિંગર સોસાયટી બાપુનગર ચાર રસ્તા પાસે બાપુનગર) ભેગામળી પરેશભાઇને વિશ્વાસમાં લઇ, નોકરી અપાવવાના બહાને પરેશભાઇ પાસેથી રોકડા રૂપીયા ૬,૦૦,૦૦૦/- મેળવી લઇ, પરેશભાઇ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.આઇ.સોલંકી ચલાવે છે.

## આત્મહત્યા :- સમાચાર યાદી નં.૧૦૭૩/૧૮

**નારોલ** : હેમંત સ/ઓ બાબુલાલ ગુપ્તા (ઉ.વ.૧૯)(રહે,રાધેકુષ્ણનગર ધર્મભુમીની પાસે નારોલ કોર્ટની પાછળ નારોલ) એ કોઇ અગમ્ય કારણસર તા.૦૬/૦૬/૧૮ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે બાથરૂમમાં લોખંડની એંગલ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રકાશભાઇ ખીમજીભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.